દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ
તારીખ :- ૨૮/૦૮/૨૦૨૬

ભાસ્કર એક્સક્લુઝિવ **અમદાવાદ-ગાંધીનગરનાં 54 સ્ટેશનો પર AI આધારિત ફેસ રેકગ્નિશન કેમેરા લાગશે**

# આતંકવાદીઓ, વોન્ટેડને સરળતાથી પકડવા મેટ્રોના તમામ સીસીટીવી 11 સેન્ટ્રલ એજન્સી સાથે જોડાશે

અનિરુદ્ધસિંહ પરમાર | અમદાવાદ

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ મેટ્રોના ફેઝ-1 અને ફેઝ-2નાં 54 સ્ટેશનોના 242 કેમેરાને સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખી 11 કેન્દ્રીય એજન્સીઓ સાથે સીધી જોડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત તમામ સીસીટીવી નેટવર્કને એઆઈ-બેઝ્ડ 'ફેસિયલ રેકગ્નિશન સિસ્ટમ' દ્વારા દેશની સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ ગ્રીડ (નેટગ્રીડ) સાથે જોડવામાં આવશે.

રાજ્યમાં પહેલી વાર કોઈ માસ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટમાં રિયલ-ટાઇમ નેટગ્રીડ લિંક લાગુ થવા જઈ રહી છે. અમદાવાદ મેટ્રોનું નેટવર્ક ગાંધીનગર સચિવાલય, મહાત્મા મંદિર અને ગિફ્ટ સિટી જેવા અતિસંવેદનશીલ વીવીઆઈપી વિસ્તારો સુધી વિસ્તર્યું છે. ઉપરાંત નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ક્રિકેટ મેચ, મોટી ઇવેન્ટ્સ, વાઇબ્રન્ટ સમિટ અને રથયાત્રા જેવા મોટા મેળાવડા સમયે લાખો મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવી અનિવાર્ય છે.

આતંકવાદીઓ તથા આતંકી પ્રવૃત્તિઓ સાથે લિંક ધરાવતાં તત્ત્વો કે અન્ય વોન્ટેડ આરોપીઓ મેટ્રો ટ્રેનને છુપાવાનું કે ભાગવા માટેનું સરળ પરિવહન સાધન ન બનાવી શકે તે હેતુથી આ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આ નવી સિસ્ટમ અંદાજે 6થી 8 મહિનામાં કાર્યરત કરવામાં આવી શકે છે.

## સિસ્ટમ કેવી રીતે કામ કરશે, તેનો ફાયદો શું? આ 5 પોઇન્ટથી સમજો

- મેટ્રો સ્ટેશનના એન્ટ્રી-એક્ઝિટ ગેટ્સ અને પ્લેટફોર્મના સીસીટીવી કેમેરા મુસાફરનો ચહેરો સેકન્ડના 100મા ભાગમાં સ્કેન કરશે.
- ચહેરાના 80થી વધુ બાયોમેટ્રિક નોડ્સના ડિજિટલ મેપ બનાવી નેટગ્રીડના વોન્ટેડ ડેટાબેઝ સાથે સરખાવાશે.
- કોઈ વોન્ટેડ કે રેડ-કોર્નર ધરાવતો ચહેરો મેચ થશે તો તરત જ મેટ્રો કંટ્રોલ રૂમ, અમદાવાદ પોલીસ, કેન્દ્રીય એજન્સીઓને એલર્ટ જશે.
- સુરક્ષા કર્મચારીઓની નજર ચૂકવીને મેટ્રોમાં પ્રવેશી રહેલાં અસામાજિક તત્ત્વો સ્થળ પર જ પકડી શકાશે.
- ગુમ થયેલાં બાળકો કે વૃદ્ધોને શોધવામાં પણ આ સિસ્ટમ મદદરૂપ બનશે.

### સેન્ટ્રલ એજન્સી પાસે જ નેટગ્રીડનું એક્સેસ

નેશનલ ઇન્ટેલિજન્સ ગ્રીડ એ કેન્દ્ર સરકારનું રિયલ-ટાઇમ માસ્ટર ઇન્ટેલિજન્સ-શેરિંગ પ્લેટફોર્મ છે, જેમાં દેશના તમામ રેકોર્ડ્સને એક છત નીચે જોડે છે. મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સુરક્ષા એજન્સીઓ વચ્ચે રિયલ-ટાઇમ માહિતીના અભાવને દૂર કરવા આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો.

### ભીડમાં એક સાથે દસથી વધુ ચહેરા ઓળખાશે

માસ્ક, ચશ્મા, દાઢી કે ચહેરાના હાવભાવ બદલાયેલા હશે અથવા ઓછો પ્રકાશ હશે તો પણ 60 ટકા કે તેથી વધુ સચોટતાથી ચહેરાનું મેચિંગ થશે. ભીડમાં એકસાથે દસથી વધુ ચહેરા ઓળખી શકાશે. 50 હજાર ચહેરાના ડેટાબેઝમાંથી માત્ર બે સેકન્ડથી ઓછા સમયમાં વ્યક્તિને ઓળખી તેની હિસ્ટ્રી પણ ચેક થઈ શકશે.